ગાંધીનગર સમાચાર

**ઘ-૫ના ફૂડકોર્ટમાં તંત્રનો સપાટો**

# સ્ટોર્મ વોટર લાઈનનો સર્વે હજુ અદ્ધરતાલ

**શહેરના સાત જ સેકટરોમાં વરસાદી પાણીના નિકાલની લાઇન છે : ચોમાસા દરમિયાન સેકટરોના રીંગ રોડ પર જળબંબાકારની સ્થિતિ સર્જાય છે**

ગાંધીનગર તા ૨૬

શહેરમાં દર ચોમાસામાં જળબંબાકારના દ્રશ્યો જોવા મળે છે. સેકટરોમાં વરસાદી પાણીના નિકાલનુ કામ હાથ ધરવા માટે તંત્ર દ્વારા એજન્સીને સર્વે હાથ ધરવાનુ કામ સોંપવામાં આવ્યુ હતુ. પરંતુ ૬ મહીનાના લાંબા સમયના અંતે પણ જવાબદાર એજન્સી દ્વારા તંત્રને રીપોર્ટ સુપ્રત કરાયો નથી. ટુંકમાં જ એજન્સીને નોટીસ આપવામાં આવશે.

શહેરમાં દાયકાઓના અંતે વરસાદી પાણીના નિકાલ માટે કોઇ વ્યવસ્થા કરવામાં આવી નથી. હાલ શહેરના મુખ્ય માર્ગો તેમજ માત્ર ૭ જ સેકટરોમાં વરસાદી પાણીના નિકાલની લાઈન નાંખવામાં આવી છે. જેના લીધે વરસાદી દિવસોમાં સેકટરોના રીંગ રોડ તેમજ કોમન પ્લોટમાં જળબંબાકારની સ્થિતિ જોવા મળે છે. વરસાદી પાણીની સમસ્યાના નિરાકરણ માટે સેકટરોમાં પાઈપલાઈન નાંખવા માટે અગાઉ તંત્ર દ્વારા બે વાર દરખાસ્ત કરવામાં આવી હતી. પરંતુ રિવાઈઝ

● અનુસંધાન પાન-૭ પર



પરિવર્તનનું સૌંદર્ય - ઋતુચક્રમાં વૈશાખના સમાપનના કાઉન્ટ-ડાઉન સાથે ચોમાસાના આગમનની છડી પણ પોકારે છે... દિવસનો અંત અને રાત્રિનો પ્રારંભ સંધ્યાની રચના કરે છે... આમ કાળના બંને પરિમાપોનું પરિવર્તન પણ કેવું ભવ્ય બને છે... એક તરફ ધસમસતા વાદળો... કાળઝાળ ગરમીનો સ્થિર થયેલા વૃક્ષો... અને વિદાય લેતો સૂર્ય આ ત્રિવેણી દશ્યોનું સંયોજન નયનરમ્ય બની રહ્યું છે... બન આ જ માનવજાત માટેનો સંદેશ છે... પરિવર્તનના પડકારોને પ્રસન્નતાથી પોંખવા જોઈએ અને સૌંદર્યને અનુભવવું જોઈએ....

# સે. ૧, ૮ અને ૧૯માં ૨૧ સ્થાનોએથી ડેન્ગ્યુ ફેલાવતા મચ્છરોના પોરા મળી આવ્યા

**વાહકજન્ય રોગચાળો નાથવા તંત્રએ અત્યારથી જ કામગીરી આરંભી : છેલ્લા એક સપ્તાહમાં ૫૦થી વધુ સ્થાનો પર પોરા મળ્યા**

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર શહેરના સે. ૧, ૮ અને ૧૯માંથી ૨૧ જેટલા સ્થાનોએથી ડેન્ગ્યુ ફેલાવતા એડીસ મચ્છરોના પોરા મળી આવતાં શહેરી મેલેરિયા તંત્ર ચોંકી ઉઠ્યુ છે.

શહેરના સ્લમ વિસ્તારમાંથી ૩૦ જેટલા સ્થાનોએથી પોરા મળ્યા બાદ આજે શહેરના મહત્વના ગણાતા સે. ૧, ૮ અને ૧૯માં ૧૫૦૦થી વધુ મકાનોની ચકાસણી કરવામાં આવી હતી.

શહેરમાં એક તરફ ગરમીનો પ્રકોપ ચાલી રહ્યો છે ત્યારે ડેન્ગ્યુ ફેલાવતા એડીસ મચ્છરોના પોરા તંત્રને મળી રહ્યા છે તેને લઈ તંત્રએ આ સમગ્ર હકીકતને ગંભીરતાથી લીધી છે. શહેરમાં પોરાનાશક કામગીરી તેમજ એન્ટી લારવેલની કામગીરી માટેનો એક્શન પ્લાન તૈયાર કરી દેવામાં આવ્યો હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળ્યું છે.

શહેરમાં બે દિવસના પ્રારંભિક

● અનુસંધાન પાન-૭ પર

# મગફળીનું વાવેતર વધશે તો કપાસનું ઘટશે

**ખેતીવાડી વિભાગ દ્વારા જિલ્લાનુ પાક-વાવેતરનું આયોજન તૈયાર**

ગાંધીનગર, તા. ૨૬

સારા ચોમાસાની આશા સાથે જિલ્લામાં આ નવી ખરીફ સિઝનમાં મગફળીના પાકનુ વાવેતર વધશે અને જિલ્લાના પરંપરાગત પાકોના વાવેતર વિસ્તારમાં ઘટાડો થશે તેમ મનાઈ રહ્યું છે.



જિલ્લામાં ખરીફ ઋતુ દરમિયાન એક લાખ ૪૦ થી ૪૫ હજાર હેક્ટર વિસ્તારમાં વાવેતર થાય છે. ખેડૂતોએ અખાત્રીજથી વાવણી અને ખરીફ ઋતુના વાવણીના આયોજનો શરૂ કરી દીધા છે.

જિલ્લામાં સારા ચોમાસાની આશાને લઈ ખેડૂતોમાં ઉત્સાહ પણ જોવા મળી રહ્યો છે. આધુનિક ખેતી અને બદલાયેલી પાક પેટર્નને જોતાં આ વખતે જિલ્લામાં પરંપરાગત પાક તરીકે ઓળખાતા કપાસ અને ડાંગર, દિવેલાના વાવેતરમાં ઘટાડો જોવા મળશે. ખેડૂતો સાથેની વાતચીતમાંથી મળતા નિર્દેશો પ્રમાણે મગફળીનું વાવેતર આ ખરીફ ઋતુમાં માણસા અને દહેગામ પંથકમાં સારૂ એવુ થશે.

ખરીફ પાકની વાવણી અંગે જિલ્લા તંત્રએ પણ પાક-આયોજન કર્યુ છે જેમાં કપાસ દિવેલા અને જુવાર (ઘાસચારા)ના પાકનું ૩૦.૩૦ હજાર હેક્ટર વિસ્તારમાં વાવેતર થશે તેવો અંદાજ મુક્યો છે. આ ઉપરાંત મગફળીનું વાવેતર ૧૦ હજાર હેક્ટરમાં તો શાકભાજીના પાકોનું વાવેતર ૨૦ હજાર હેક્ટરમાં, ડાંગરનું વાવેતર ૧૦ હજાર હેક્ટરમાં અને ગવારનું વાવેતર પાંચ હજાર હેક્ટરમાં અને બાજરીનું વાવેતર ૧૦ હજાર હેક્ટરમાં તેમજ કઠોળ પાકોનું વાવેતર પાંચ હજાર હેક્ટરમાં થશે તેવો અંદાજ છે.

જિલ્લામાં આ વખતે જે રીતે ગરમીનું મોજુ અને આરંભાયેલી પ્રિ. મોન્સુન એકટીવીટીને લઈ ખેડૂતો સારા ચોમાસાની આગાહી રાખી રહ્યા છે. અખાત્રીજ જે વણ જોયા મુહૂર્ત તરીકે ઓળખાતો દિવસ છે ત્યારથી ખેડૂતોએ ધીમી ગતિએ ખાસ કરીને પિયતની સુવિધાઓ ઉપલબ્ધ છે ત્યાં કપાસ અને દિવેલાના પાકોના વાવેતરનો આરંભ કર્યો છે.

જો કે એકાદ સપ્તાહ બાદ જિલ્લામાં વાવણીનું કાર્ય વેગ પકડશે. ઉનાળુ પાક તૈયાર થઈ ગયો છે અને ખેતરો ખાલી કરી તપાવવામાં ખેડૂતો વ્યસ્ત બન્યા છે.

જિલ્લામાં આ વખતે મગફળીનું વાવેતર વધુ થાય તેવા સંકેતો મળવાની સાથે કૃષિ મહોત્સવમાંથી જે જાણવા મળ્યુ છે તે કપાસની ખેતીમાં ભાવ ઉત્પાદન પ્રમાણે મળતા નથી અને મજૂરી મોંઘી પડે છે એટલે પાક-પેટર્નમાં બદલાવ આવશે તેમ ચોક્કસ માની શકાય છે.

આ વખતના કૃષિમેળામાં બિયારણોને લઈ પણ ખેડૂતોએ વધુ રસ દાખવ્યો હતો તેથી વધુ ઉત્પાદન આપતા પાકોના વાવેતર પર ખેડૂતો ભાર મુકશે તેમ મનાઈ રહ્યુ છે. જિલ્લામાં બિયારણ ખેડૂતોની જરૂરિયાત મુજબનું ઉપલબ્ધ હોવાનું તંત્રના સૂત્રોએ સ્વીકાર્યુ છે.

# શહેરી વિસ્તારના પાંચે-પાંચ ગામોમાં નવા બોર બનાવાશે

**ગ્રામજનોને ફોર્સથી પાણી આપવા રૂ ૧.૫૬ કરોડનો ખર્ચ થશે**

ગાંધીનગર તા ૨૬

ગાંધીનગર શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગામોમાં પાણીના નવા બોર બનાવાશે છેલ્લા કેટલાક વર્ષોથી શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ પાંચ ગામોમાં પાણીની પોકાર ઉઠવા પામી છે. પુરતા પ્રશરથી પાણી ન મળતુ હોવાની બુમરાણને ડામવા માટે તંત્ર દ્વારા નવા બોર બાંધવાની કામગીરી હાથ ધરવામાં આવશે. આ માટે અંદાજીત રૂ ૧.૫૬ કરોડનો ખર્ચ થશે.

ગાંધીનગરના શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગામોમાં વર્ષોથી પુરતા ફોર્સથી પાણી ન આવતુ હોવાનો કકળાટ પ્રવર્તાયો છે. શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ઘોળાકુવા,પાલજ ,બાસણ, બોરીજ અને ઈન્દ્રોડા ગામમાં પાણી ગટર સહીતની પાયાની સુવિધાઓનો અભાવ વર્તાતો હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. ઉનાળાની આકરી ગરમીના દિવસોમાં ગ્રામ્ય વિસ્તારોમાં પાણી ફોર્સથી ન આવતુ હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. આ ગામોમાં ટોપોગ્રાફીના લીધે પણ કેટલાક નિચાણવાળા વિસ્તારમાં પાણી ન આવતુ હોવાથી સ્થાનિક ગ્રામજનોએ હાલાકી વેઠવાનો વારો આવ્યો છે.

આ મામલે અગાઉ સ્થાનિક અગ્રણીઓ દ્વારા પણ અવારનવાર તંત્ર સમક્ષ રજુઆત પણ કરવામાં આવી હતી. જેના અંતે શહેરી વિસ્તારના આ પાંચેય ગામોમાં પાણીની સમસ્યા નિવારવા માટે તંત્ર દ્વારા નવા બોર બાંધવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. નવા બોર બનાવવા માટે વિભાગ દ્વારા અંદાજિત રૂ ૧.૫૬ કરોડનો ખર્ચ કરવામાં આવશે. હાલ આ કામગીરી માટે ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. જયારે ટુંકમાં જ ટેન્ડર આખરી થતા કામ શરૂ કરી દેવાશે. નવા બોર બનાવવા માટેનુ કામ પુર્ણ થયા બાદ બહીજા તબક્કામાં સંપવેલની કામગીરી માટે પણ આયોજન કરવામાં આવશે. બોર નિર્માણની કામગીરીના અંતે ગ્રામ્ય વિસ્તારોમાં પાણીની સમસ્યા હલ થશે.




# ઘ-૫ના ફૂડકોર્ટમાં તંત્રનો સપાટો

**અખાદ્ય ચીજવસ્તુઓનું વેચાણ સાંખી લેવાશે નહિ : મેયર**

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર શહેરના ઘ-૫ વિસ્તારમાં આવેલ ફૂડકોર્ટમાં ગઈકાલે મોડી રાત્રે મનપાની ફૂડ સેફ્ટીની ટીમ ત્રાટકી હતી.

મેયરશ્રી પ્રવિણ પટેલે ગરમીના પ્રકોપને ધ્યાને લઈ ફૂડકોર્ટમાં અખાદ્ય ચીજવસ્તુઓ વેચાતી હોવાની મળેલી ફરિયાદોને પગલે તપાસના હૂકમો કર્યા હતા. આ પછી ગઈકાલે રાત્રે મનપાની ફૂડ સેફ્ટી ટીમ ત્રાટકી હતી અને ૩૦ જેટલી ફૂડકોર્ટની દુકાનોની તપાસ હાથ ધરી હતી.

મળતી વિગતો પ્રમાણે ૮ જેટલી દુકાનોમાંથી અખાદ્ય વસ્તુઓનો સાડા નવ કિલો જથ્થો મળી આવ્યો હતો તેનો નાશ કરવામાં આવ્યો હતો તેમજ રૂ. ૧૯૦૦નો દંડ ફટકારી તંત્રએ પાણીપુરીમાં અપાતા બે પાણી અને એક ચટ્ટણીના નમૂના લઈ રાજકોટ લેબોરેટરીમાં તપાસ માટે મોકલ્યા છે.

તંત્રના અધિકારીઓએ શેરડીના રસના કોલા પણ ચકાસ્યા હતા તેમજ બરફનો વેપાર કરતા વેપારીઓને પણ ચકાસ્યા હતા. જેમાં ૩ લીટર જેટલો શેરડીનો રસ અને ચાસણીમાં ગરબડ જણાતાં તેનો નાશ કર્યો હતો.

દરમિયાન શહેરમાં અખાદ્ય ચીજવસ્તુઓનો વેપાર નહિ સાંખી લેવાય તેવી ચેતવણી મેયર શ્રી પ્રવિણ પટેલે ઉચ્ચારી છે. તેમણે તંત્રના અધિકારીઓને પણ તપાસ સઘન બનાવવા માટેની કડક તાકીદ કરી છે. મેયરશ્રી પટેલે જણાવ્યું છે કે ગરમીનો પ્રકોપ ચાલી રહ્યો છે ત્યારે લોકો પણ બહારનું ખાવાનું ટાળે એટલુ જ નહિ ક્યાંય પણ અખાદ્ય ચીજવસ્તુઓનું વેચાણ થતુ હોય તો તંત્રના અધિકારીઓનું ધ્યાન દોરે.

## ૪ રૂમોના કાટમાળ અંગેની જાહેર હરાજી

નભોઈ પ્રાથમિક શાળા, પ.કે. નવા કોબા, તા.જી. ગાંધીનગરના કુલ-૪ રૂમોના કાટમાળ જોવા માટેનો સમય બપોરે ૧૨ થી ૩ રાખેલ છે. અને તેની જાહેર હરાજી તા. ૩૧/૫/૨૦૧૬ને મંગળવારના રોજ બપોરે ૩.૦૦ વાગે નભોઈ પ્રાથમિક શાળામાં રાખેલ છે. હરાજીની અસપેટ વેલ્યુ ૪૫૦૬૦ (પિસ્તાલીસ હજાર સાઈઠ પુરા) રાકેલ છે. હરાજીમાં ભાગ લેતા પહેલા જે તે દિવસે ૨૫% રકમ (અપસેટ વેલ્યુના) જમા કરાવવાના રહેશે. ત્યારબાદ જ હરાજીમાં ભાગ લેવા દેવામાં આવશે. હરાજીમાં ભાગ લેવા ઈચ્છતા ઈસમો / એજન્સીઓએ ઉપરોક્ત સ્થળ અને સમયે હાજર રહેવા જણાવવામાં આવે છે. હરાજીના નિયમો / શરતો સ્થળ પર વાંચી સંભળાવવામાં આવશે.

**શાળા વ્યવસ્થાપન સમિતિ (S.M.C.)**
**નભોઈ પ્રાથમિક શાળા, તા.જી. ગાંધીનગર**
**સહી/-**
**આચાર્ય**
**નભોઈ પ્રાથમિ શાળા,**
**તા. જી. ગાંધીનગર**




## ઉચ્ચ પ્રાથમિક શિક્ષક બનાવવા માટે વિકલ્પ ફોર્મ ભરવા જોગ

ગાંધીનગર, તા. ૨૬

પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી ગાંધીનગરના તા. ૨૩-૫-૨૦૧૬ના પત્રથી મળેલ સુચના મુજબ પ્રાથમિક શિક્ષક તરીકે કામ કરતા શિક્ષકો જે ઉચ્ચ પ્રાથમિક (ધો. ૬ થી ૮) શિક્ષકની લાયકાત ધરાવતા હોય તેમને વિકલ્પ ફોર્મ તા. ૩૦-૫-૨૦૧૬ સુધીમાં નિયત નમુનાની અરજીમાં તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીને રજુ કરવાની રહેશે. વધુમાં આ પત્રમાં અગાઉના વર્ષમાં વિકલ્પ આપેલ હોય અને હક્ક જતો કરેલ હોય તેવા શિક્ષકોને પણ આ વર્ષ પુરતી તક આપવાની સુચના કરેલ છે. ચારેય તાલુકામાંથી મળેલ વિકલ્પ ફોર્મની ચકાસણી જૂનના પ્રથમ સપ્તાહમાં કેમ્પ દ્વારા કરાશે એમ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી ગાંધીનગરે એક અખબારી યાદીમાં જણાવેલ છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com